ગાંધીનગર સમાચાર



# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

 લ્યો કરૂં કોશીશ ને ફાવે તો કહું
શબ્દ જો એને સમાવે તો કહું

કોઈને કહેવું નથી એવું નથી
સહેજ તૈયારી બતાવે તો કહું

હું કદી ઊંચા સ્વરે બોલું નહીં
એકદમ નજદીક આવે તો કહું

- રાજેન્દ્ર શુકલ

## પાથેય

- રમેશ ઠક્કર

# તળપદો શબ્દવિહાર..

મને નવરાત્રી કરતાં નોરતાં શબ્દ બહુ ગમે છે.નવલાં નોરતાંની વાત જ નિરાળી હોય છે.જનહૃદયના ભાવોને વ્યકત કરે એવા શબ્દો આપોઆપ જ 'કોઇન' થઇ જતા હોય છે..લોકગીતો લોકબોલી કે લોકવાર્તાઓની માફક આપોઆપ આકાર લેતા આવા શબ્દોની પણ એક આગવી સુગંધ હોય છે..શબ્દોનું આ ગણિત શાસ્ત્રીય માપદંડોથી ના સમજાય..એ માટે આપણે જીવાતી જિંદગીનાં સ્પંદનોને પામવાં પડે. જન ધબકારને સાંભળવો પડે..ઘણીવાર શબ્દકોશના રેડીમેડ શબ્દો કરતાં વગડાઉ ફુલ જેવા લોકબોલીના શબ્દોની મજા અનેરી હોય છે...

તહેવાર કે ફેસ્ટીવલ કરતાં પરબલું શબ્દની નજાકત અલગ છે..વઢિયારમાં બહાર રહેતા લોકો દિવાળી કરવા વતનમાં આવતાં ત્યારે કહેતાં " પરબલાં કરવા આવ્યાં છીએ.." વતન તરફ જતી સડક કે એક્સ્પ્રેસ હાઇવે ભલે હોય પણ 'વતનની વાટે' શબ્દમાં જે ઉલ્લાસ છે એ આગવો છે..ગામડામાં લોકો ચાલવું નથી બોલતા હેંડવું કહે છે..હેંડતાં હેંડતાં હિલ્લોળા લેતી કોઇ સીમને નીરખવાની મજા બધા નથી લઇ શકતા..જનનીના ધાવણ જેવા તળપદા શબ્દવૈભવનો જોટો જડવો મુશ્કેલ છે.

મિત્ર માટે વપરાતો ભાઇબંધ કે ભેરૂ શબ્દની છટા જુઓ..એ જ રીતે માણસ માટે મનેખ, કે મહેમાન માટે પરોણો એવા શબ્દોની સુવાસ પણ માણવા જેવી છે..માણસનું જીવન એટલે મનખા અવતાર...અને 'બે ઘરનો પરોણો ભુખે મરે 'એવું લોક ડહાપણ..સાફસફાઇ માટે વાસીંદુ વાળવું સહજ બોલાતો ગ્રામ્ય ઉદગાર..મારા મનમાં રોજ સવારે વાસીંદુ વાળતી બા અને એના સાડલાની ધુળભરી કોર હંમેશાં જીવંત છે..!

નરણા કોઠે પાણી પીવાની વાત કે ઇંધણાં ભેગાં કરી ચુલો પેટાવવાની વાત ભલે આઉટડેટેડ લાગે પણ આજેય એના પડઘા ગામડાના વારસદારો અનુભવી શકે છે..શહેરની સોસાયટીને ગેટ હોય ગામડાને ગોંદરૂં હોય..ગેટ બંધિયાર હોઇ શકે ગોંદરાનો વૈભવ એના ખૂલ્લાપણામાં છે..ગામનેં ગાંદરે ગાડું આવે એ દ્રશ્યો હવે કિતાબોમાં પણ નહીં ફકત મોબાઇલની કોઇ શુષ્ક ગેલેરીમાં બચ્યાં છે..! ઘર એટલે ખોરડું અને એનો આવકારો એ જ એની ઓળખ..એ જ એની ખાનદાની..! બંગલા કે ફલેટની આવી કોઇ વિરાસત નથી હોતી! ખોરડાની ખાનદાનીના સેંકડો કિસ્સા છે. તમને થશે કે લોકજીભેથી પ્રગટેલા શબ્દોની સંગતે ચડી હું ધરારપણે ગામડા તરફનો મારો પક્ષપાત છતો કરૂં છું તો એ વાતમાં કોઇ માલ નથી ! ગામડાના લોકો વાત ઉપરથી માલ એટલે વાતનું મૂલ્ય કરી નાખે..એને હૈયા ઉકલત કે કોઠાસૂઝ કહેવાય..મને શહેરો કે નગરો માટે એવો કોઇ અણગમો નથી.એક રીતે જોઇએ તો મારા સમગ્ર જીવનનો બે તૃતિયાંશ હિસ્સો આમ તો શહેરોમાં જ વિત્યો છે..ગામ તો ગળથૂથીનો જ એક નાનકડો હિસ્સો છે..પરંતુ ફરક એ છે કે ગામ ધબકતું હતું..શહેર ઘોંઘાટ કરતું હોય છે...ગામમાં લોક હોય છે,શહેરોમાં અજાણ્યાં માણસો વસે છે...અને એટલે જ ગામ આપોઆપ આપણને ગમતું હોય છે ! ગામના ચોરે થતી 'ચેટ' એટલે ગામગપાટા ! રસ્તા માટે મારગ..ગામમાં થતા અવાજો એટલે ગામગોકીરો ! વૃક્ષો એટલે ઝાડવાં ને આકાશ એટલે આભલું..બનાસનો પટ એટલે સીધોસટ જળપ્રવાહ..બનાસની રેત એટલે નકરૂં હેત..આડેધડ બાવળ એટલે વગડાઉ વૈભવ..બનાસના ઉંડા ધરામાં આત્મવિશ્વાસથી કૂદી પડવું એટલે ધુબાકા..! જીવનની અનેક હાડમારીઓ અને અભાવોથી ગ્રસ્ત મેલાઘેલા કોઇ માણસને તમે પુછો કે 'કેમ છો ?" તો ખુમારીભર્યા ચહેરે એ કહેશે કે "બસ ધુબાકા છે..!"

# ગુલામનબીની આઝાદી રાજકારણનો સિનારિયો બદલી શકે છે

**તંત્રીસ્થાનેથી...**

ગુલામનબી આઝાદના પુણ્યપ્રકોપ પાછળ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીનાં સમીકરણો વાંચી શકાય છે. પ્રત્યક્ષ રીતે તો હાલ નવો પ્રાદેશિક પક્ષ બનાવીને ચિનાબ વેલીમાં એમના પ્રભાવ હેઠળ કેટલીક બેઠકો કબજે કરી બાકીના વિસ્તારોમાં ભાજપના ઉમેદવારોને જીતવામાં મદદરૂપ થવાનો જ આશય જોઈ શકાય. જમ્મુ અને કાશ્મીરમાં મુખ્યમંત્રી પદ માટે ભાજપ પાસે કોઈ 'ચહેરો' નહોતો તે સહયોગી પ્રાદેશિક પાર્ટીના વડા અને 'અંગત મિત્ર' એવા ગુલામનબીને કૃષ્ણાર્પણ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના મુસ્લિમ વિરોધી ચબી પણ ભૂંસી શકશે. આયોજનપૂર્વક ગુલામનબી આઝાદ પાસે રાહુલ ગાંધીના પપ્પુ સ્વરુપનું જ રટણ કરાવાયું હોય એવું નથી લાગતું ? હવે એમની સાથે જ કેટલાક કોંગ્રેસના પૂર્વ લાભાર્થીઓ પણ કોંગ્રેસ છોડવા પાછળ રાહુલ ગાંધીના જ વલણને કારણરૂપ ગણાવી જોડાઈ રહ્યા છે તે કોંગ્રેસની ક્ષીણ થતી કાયા પર વધુ મરણતોલ ફટકા જેવી ઘટના છે. આનંદ શર્મા અને મનીષ તિવારીનાં તેવર જાણીતા છે. કાશ્મીરના પ્રખર પુરુષ ડો. ફારુખ અબ્દુલ્લાને આઝાદ પ્રત્યે સદ્‌ભાવ છે. એમણે કોંગ્રેસ છોડી એનું દુઃખ વ્યક્ત કરનાર અબ્દુલ્લાને અંદરથી જે પીડા કોરી ખાય છે તે એ કે જાણ્યે અજાણ્યે કાશ્મીર મુદ્દે કાશ્મીરી મુસલમાનોની વકીલાત કરનારા આ નેતા ભાજપની ચાલમાં ભેરવાઈ રહ્યા છે. રાહુલ ગાંધીના વછેરા ગુલામનબીના રાજીનામાથી રાજી થઈ રહ્યા છે. ગુલામનબીએ પાર્ટી છોડવા માટે દોષનું ઠીકરું એમના જ પર જ ફોડ્યું હતું.

સોનિયા ગાંધીના વિશ્વાસુ સાથી તરીકે રહ્યા પછી અને અહમદ પટેલ જેવા મિત્રના અવસાન પછી સોનિયાને એમની આજાર-બીમાર કોંગ્રેસ સાથે રામ રામ કરનારા આ કાશ્મીરી નેતાને 'આઝાદ' થઈ ગયા પછી મોદીના રાષ્ટ્રવાદની સાથે સાંઠગાંઠ રચીને 'આઝાદ કાશ્મીર'ને ભારત સાથે ભેળવવાની ચળવળ શરૂ કરવાનો ઈરાદો સેવ્યો હોય તો એમનું આ પગલું દેશના અને કાશ્મીરના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ બની રહેશે એમાં શંકાને સ્થાન નથી. રાહુલ ગાંધી પાસે હવે ૨૦૨૪ની ચૂંટણી વખતે ભાજપ વિરુદ્ધ તમામ વિપક્ષોને એક મંચ પર લાવી પોતે વિપક્ષના વડાપ્રધાન પદના ચહેરા તરીકે પાછળ હટી જવાનો પડકાર ઊભો થયો છે. હવે એમણે સમજણપૂર્વક પ્રાદેશિક પક્ષોનું વ્યાપક ગઠબંધન જે ઉમેદવારનું નામ આગળ ધરે એને સમર્થન આપ્યા વિના છૂટકો જ નથી. બિહારમાં તેજસ્વી યાદવ અને નીતીશકુમારના પ્રાદેશિક પક્ષો ભેગા થયાં એમાં બીમારીના ખાટલે પડ્યાં પડ્યાં સોનિયા ગાંધીએ આપેલી લીલી ઝંડી મહત્ત્વની કડી હતી. એ જ રીતે નીતીશકુમારને વડાપ્રધાનપદના વિપક્ષી ચહેરા તરીકે રાહુલ - સોનિયાની લીલી ઝંડી મળી જાય તો મોદી સામે સાચા અર્થમાં રાષ્ટ્રવ્યાપી મોરચો ઊભો થઈ શકશે. તે વખતે ગુલામનબી આઝાદ કેવું સ્ટેન્ડ લેશે તે મહત્વનું બની રહેશે. દેશભરના લઘુમતી વર્ગો જ્યારે ભાજપ વિરુદ્ધ એકજૂત થતા હોય ત્યારે કાશ્મીરી મુસલમાનોના હિતરક્ષક ગુલામનબી કે જેઓ તે સમયે ભાજપના સહયોગથી મુખ્યમંત્રી હોઈ શકે એવી પૂરી સંભાવના છે - નું વલણ કેવું રહેશે તે જોવું રસપ્રદ બની રહેશે. કપિલ સિબ્બલ અને ગુલામનબી બેઉ કોંગ્રેસના વિદ્રોદી નેતાઓ છે. સિબ્બલે અખિલેશ યાદવના સમાજવાદી બેનર હેઠળ રાજ્યસભાની સીટ સાચવી લીધી છે અને હવે તેઓ મમતા બેનરજી સહિત તમામ મોદી વિરોધી નેતાઓના 'વકીલ' બની રહ્યા છે. ગુલામનબી માટે એમની ઈમેજ અને રાષ્ટ્રીય પ્રતિષ્ઠાનો પ્રશ્ન સરજાવાનો છે!

# યોગ્ય દોસ્ત જયારે સલાહ આપે છે ત્યારે દોસ્તીના અજવાળાં રેલાય છે




'તમારે તમારી કામ કરવાની અને વાત કરવાની પદ્ધતિમાં થોડોક ફેરફાર કરવાની જરૂર છે, એટલે.... હકારાત્મક રીતે... તો તમને સરળતા રહેશે...'

એક દોસ્તે બીજા દોસ્તને આવું કહ્યું, પહેલી નજરે એમ થાય કે હવે આમાં શું નવી વાત છે ? વાત નવી નથી છતાં જો સમજીએ, પામીએ તો એ સફળતા સુધી લઈ જનાર બને એવી સાચી પણ છે.

વાત જાણે એમ કે બે-અઢી દાયકાની દોસ્તી જીવનારા બે દોસ્તો અનેક પ્રોજેક્ટમાં સાથે કામ કરે, નીજતા મુજબ આનંદ અને પુરસ્કાર મળે. કામમાં ક્યાંયે વિસંગતતા કે વિસંવાદ નહીં, સરળતાથી કામ થયા કરે. આ કામો અને એને સમયસર કે આયોજનબદ્ધ રીતે પુરા કરવામાં બંનેના સ્વભાવની વિશેષતા પણ સહજપણે છલક્યા કરે. બંને એક બીજાના ગુણ - અવગુણથી પરિચિત.

પરિણામે બંનેની કાર્યશૈલી અલગ, પણ એનું પરિણામ તો એક જ કે લીધેલું કામ સંતોષકારક રીતે પૂરું કરવું. બંને એકબીજાના પૂરક થઈને ચાલે એટલે આખરે બધું સમતોલ રહે.

હવે આવા કોઈ એક કામ પ્રસંગે વાતો કરતા હતા ત્યારે એક દોસ્તે બીજા દોસ્તને લેખના આરંભે લખેલું વાક્ય કહ્યું એમાં વાંક નહોતો, સ્વભાવનું દર્શન હતું. સાંભળનાર દોસ્તને એક ટેવ હતી કે સરળતાથી માંડીને કરે, બે-ત્રણ વિકલ્પ સામેથી આપે, સ્પષ્ટતા વધુ કરે અને પછી સામેનો માણસ એને જ રોંગ, બોક્સમાં મુકે, તે દુઃખી થાય.... આવી સ્થિતિનું આકલન કરીને પેલા દોસ્તે સમજાવ્યું કે 'તમારે બધાને બધી વાત કરવાની કયાં જરૂર છે ? સરળતાથી બોલો છો ને પછી જાતે જ ફશાવ છો, ઉદાહરણ તરીકે તમે કોઈને કહો છો કો હું વડોદરા આવીશ, તો પછી કઈ ગાડીમાં ને કોની સાથે ને કયાં કયાં થઈને આવ્યો અથવા આવીશ એ કહેવાની શું જરૂર છે ? મોડા પડ્યા તો મોડા પડવા માટે ક્ષમા માંગી લઈએ પણ ગાડીમાં પંચર પડ્યું અથવા આ કે તે કારણ હતું એમાં સામેના માણસને કોઈ રસ નથી હોતો. આપણે સાચી જ વાત કરીએ છીએ તે પણ એમના સંદર્ભે જરૂરી નથી હોતી, એટલે બને તો આવું ટાળવું, આમ એક દોસ્તે બિલકુલ સાહજિકતાથી બીજા દોસ્તને જીવનના પાટ શીખવ્યા.

એક બીજું વ્યાવહારિક અને સર્વકાલીન આર્થિક ઉદાહરણ એમણે કોઠોસૂઝથી આપ્યું કે કોઈ એક કામના એક લાખ રૂપિયા થયા હોય તો એમાંથી થોડા થોડા દિવસે થોડી થોડી રકમ મેળવતા રહેવી, અથવા આપણે આપવાની હોય તો ચુકવતા રહેવી... આવું ન કરીએ તો લેવડ-દેવડમાં અંતે મોટી રકમ આપવાની - દેવાની થાય છે. જે ઘણીવાર બોજારૂપ લાગે છે.

હવે પછીની ઘટના દોસ્તીની શાલીનતા કે ઘનિષ્ટતાની છે. એકાદ કલાક પછી સલાહ આપનાર મિત્રે વળી એક વાત કરીને કીધું કે આવી સલાહ તમને આપી શકું, તમે સખા છો પરંતુ મારા દીકરાની હાજરીમાં આપું છું એનું યે એક કારણ છે કે ઘણીવાર આજની નવી જનરેશનને સીધી સલાહ ન ગમે.... હને તમને કહેવાતી વાત એ પણ સાંભળે જ છે... એ જો વાતને સમજે અને યોગ્ય લાગે જીવનમાં ઉતારે તો એને ફાયદો થવાનો છે.

આમ એક દોસ્તે બીજા દોસ્તની સાથે જે સંવાદ કર્યો એમાં દોસ્તીનું ગૌરવ વધ્યું, પરસ્પર પ્રત્યેનો પ્રેમ વધ્યો અને કોઠાસૂઝ પણ વ્યક્ત થઈ. યોગ્ય સમયે, યોગ્ય દોસ્ત જયારે આવી સલાહ આપે છે ત્યારે દોસ્તીના અજવાળાં રેલાય છે.

# જીવનને સ્વપ્ન માનું છું, મગર ત્યાગી નથી શકતો, છું એવી જાગૃતિમાં કે, વધુ જાગી નથી શકતો




મહાભારતમાં ભગવાન વ્યાસે એક માર્મિક પ્રસંગ મૂક્યો છે. દુર્યોધનને એકવાર વિદુરજી સમજાવે છે કે ભાઈ ભાઈના યુદ્ધનું કેવું પરિણામ આવી સાંભળીને દુર્યોધન કહે છે કે –

જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્તિઃ ।
જાનામિ અધર્મમ્ ન ચ મે નિવૃત્તિઃ ?

ધર્મ શું છે તે હું જાણું છું પણ મારાથી તે પળાતો નથી, અને અધર્મ શું છે તે પણ હું જાણું છું, પણ મારાથી તે છોડી શકતો નથી.

આપણા સૌની ઓછા વત્તે અંશે આવી જ દશા હોય છે. એક રીતે જોવા જઈએ તો આપણે દુર્યોધનની જ ઝેરોક્સ કોપી જેવા છીએ. અમુક બાબતોમાં તો ખરા જ. શું સાચું છે તેની ખબર હોય છે, પણ જે ખોટું છે એ કરવું પડે છે અથવા એમ કહો કે ખોટું આપણે છોડી શકતા નથી.

સવારે 'સંસ્કાર', 'આસ્થા' અને આવી બીજી આધ્યાત્મિક ચેનલ પર એખરી જઈએ એટલું જ્ઞાનરૂપી ભાણું પીરસવામાં આવે છે, પણ... દિવસ દરમ્યાન તેનો શતપ્રતિશત અમલ કરવો અશક્ય છે. આપણે સત્ય જાણતા હોવા છતાં એને સ્વીકારી શકતા નથી.

શાણા અને ડહાપણભર્યા ઉપદેશ આપણને એક બાજુ ખેંચે છે, અને આપણી આદત 'થોડા જૂઠ તો ચલતા હૈ'વાળો એટીટ્યુડ બીજી બાજુ દોરી જાય છે. એક ડૉક્ટર જાણતો હોય છે કે આવેલ દર્દીને કોઈ ટેસ્ટ કરાવવાની જરૂર નથી, છતાં પણ બ્લડ ટેસ્ટ, યુરિન ટેસ્ટના નામે પેથોલોજીવાળાને ત્યાં કમિશનનું ચક્કર ફેરવવા માટે મોકલી દેશે. અધર્મ છે, ખબર છે પણ સિસ્ટમમાં ફીટ બેસવા માટે અધર્મ કરે છે.

એક શિક્ષક જાણે છે કે સત્ય શું છે, ધર્મ શું છે. વિદ્યાર્થીને ક્લાસમાં સંપૂર્ણ પ્રામાણિકતાથી ભણાવવો એ શિક્ષકનો ધર્મ છે, છતાં પણ ટ્યૂશનની જરૂર પડે એ હેતુથી ક્લાસમાં અધકચરું જ ભણાવે છે. આ અધર્મ છે, પણ 'થોડા તો ચલતા હૈ', સામા પક્ષે વિદ્યાર્થી પણ વર્ગખંડમાં બેસવા ખાતર બેસે છે. પરીક્ષામાં ચોરી કરવી

અધર્મ છે. અસત્ય છે, પણ થોડું આગળ-પાછળ જોઈ લેવું- આટલો નાનો અધર્મ આચરવાનું છોડી શકતો નથી.

માતાપિતા સંતાનના ગુણ વધારવા માટે પરીક્ષાના પ્રશ્નપત્ર ફોડવાના પૈસા આપવાનો અધર્મ આચરતા અચકાતા નથી.

એક નેતા જાણે છે કે ચૂંટણીમાં આપેલા વાયદાઓ પોકળ છે, ખોટા છે, પણ નેતા આવા ખોટા વાયદા આપ્યા વગર અધર્મ આચર્યા વગર ચૂંટાઈ જ ન શકે.

અને આ બધાની ઉપર આપણે બધા, જે ક્યાંક ને ક્યાંક આવા અધર્મ આચરતા લોકોને પુષ્ટિ આપીએ છીએ, તેમણે કરેલા અધર્મને સહન કરીએ છીએ. આમ કરીને તેમાં બરાબર સહભાગી બનીએ છીએ. ખબર બધી છે પણ કોચલામાંથી બહાર નીકળી શકાય તેમ નથી. ખોંખારીને બોલતા નથી.

જીવનને સ્વપ્ન માનું છું,
મગર ત્યાગી નથી શકતો.
છું એવી જાગૃતિમાં કે
વધુ જાગી નથી શકતો.

- બેફામ

બોલે કોણ યાર! આ આખી સિસ્ટમની સામે બોલ બોલ કરીને શું ફાયદો ! ટ્રાફિક સિગ્નલ પર લાંચ લેતા હવાલદારને પચાસની નોટ આપીએ છીએ તે અધર્મ છે, પણ સબ ચલના હૈ યારો !

ચૂંટણીમાં મતદાન કરવા જ ન જાવ અને ઘરે બેસીને ટી વી પર એક્ઝિટ પોલ પરના તારણો જોતા રહીએ, તે યોગ્ય તો નથી જ પણ ...

બાળકને એડમિશન અપાવવા માટે ડોનેશન આપવાનું અત્ય કરવું એ તો બરાબર નથી પણ....

નવી-નવી છટકબારીઓ શોધીને ટેક્સમાં રાહતો કેવી રીતે મેળવવી તેની માટે સી.એ.ને ઊંચી ફી ચૂકવીએ છીએ. આ સાચું નથી પણ...

પરીક્ષા નજીક આવી રહી છે, પણ તમારા ઘરની બહાર જ લગ્નની આગલી રાતે ગરબાના નામે ડી.જે.ની ધૂમ બોલાવાય છે. પણ તમે ચૂપ છો, વિરોધ નથી કરતા, આને અધર્મ ન કહેવાય ?

બિલ લીધા વગર કોઈ વસ્તુ ખરીદવી એ ખોટું છે, પણ થોડા રૂપિયા બચતા હોવાના કારણે આપણે બિલ નથી માંગતા આ સાચું તો નથી જ ને !

ટેલિફોનબિલ, લાઈટબિલની લાઈનમાં ઊભા હોઈએ ૧૦ વાગે બારી ખુલવાની હોય અને પેલા કર્મચારી વાતોના તડાકા મારતો મારતો મોડો-મોડો આવે છતાં આપણે ચૂપ રહીએ છીએ, આપણે ચૂપ રહેવાનું છોડી શકાતા નથી. આપણો સ્વભાવ બની ગયો છે.

આપણી આસપાસ એવી ઘણી બધી પ્રવૃત્તિઓ થતી રહેતી હોય છે જે ખોટું છે - અન્યાયી છે, પણ આપણે આંખ આડા કાન કરીએ છીએ.... આ અધર્મનો સ્કેવર છે. ક્યુબ છે.

આજના સમયમાં શત-પ્રતિશત સત્ય નામની કોઈ ચીજ રહી નથી. સત્યવાદી હરીશચંદ્ર કે ધર્માત્મા યુધિષ્ઠિરના કેરેક્ટર સિરિયલમાં કે નાટકમાં પણ શોભાના ગાંઠિયાની જેમ આવે છે અને જાય છે, ફક્ત આવે છે અને જાય છે.

સત્યની અંદર ભેળસેળ ન હોય કે ધર્મમાં અધર્મની છાંટ ન હોય એવું કોરું સત્ય શૂળી પર ચડાવી દે તેવું હોય છે, એટલી સમજ તો આપણે બધા મેળવી જ ચૂક્યા છીએ એટલે જ સગવડિયો ધર્મ અથવા તો કહીએ કે અધર્મ અપનાવતા શીખી ગયા છીએ. બની શકે ત્યા સુધી સત્યાગ્રહી બનવું, નહીંતર દુર્યોધનવાળી કરી નાખવાની...

જાનામિ અહં અધર્મ ન ચ મે નિવૃત્તિઃ ? જાનામિ અહં ધર્મ ન ચ મે પ્રવૃત્તિઃ ?

- jayuoza@gmail.com,
Mo.9898046488

# સુખના સમયમાં વ્યક્તિ સૌથી વધુ અનિયમિત અને આળસુ બની જાય છે




સમય શબ્દ સંસ્કૃત ભાષાના મૂળ શબ્દ 'સમ' ઉપરથી આવેલો છે. 'સમ' એટલે એકધારું, સમાન, નિત્ય. સમય અને જીવન બન્ને એક સમાન મૂલ્યવાન છે. સમયની દોલત સૌની પાસે એક સરખી છે. જે સમયનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે એ સુખી બને. એક ચિંતકે સરસ વાત કરી છે કે, 'ડિલેય ઈઝ ડેન્જરસ'. સમય અદ્રષ્ય સાથી પણ છે અને સૌતન પણ છે. ૨૮ વર્ષના એક યુવાન ઉદ્યોગપતિ રોજ સાંજે ભોજન પછી એના પિતાને કહે, 'પપ્પા આવતી કાલથી રોજ સવારે હું તમારી સાથે મોર્નિંગ વોકમાં આવીશ.' આ યુવાનની એ સવાર ક્યારેય નથી પડતી. મહાવીર ભગવાને કહ્યું છે કે, એક ક્ષણનો પણ પ્રમાદ પાલવશે નહીં. કારણ કે વિતેલી ક્ષણ ક્યારેય પાછી લાવી નહીં શકાય.

એક ક્ષણની પણ કિંમત છે. વર્ષ ૧૯૮૪માં ઓગષ્ટમાં કેલિફોર્નિયામાં ઓલંપિક્સમાં ૪૦૦ મીટર દોડમાં ભારતની પીટી ઊષા ભાગ લેવા ટ્રેક ઉપર ઉતરી ત્યારે હાજર સૌને હતું કે, આ સ્પર્ધા પીટી ઉષા જ જીતવાની છે. કારણ પીટી ઊષાનો ટ્રેક રેકોર્ડ જોરદાર હતો. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે પીટી ઊષા આ સ્પર્ધામાં ચોથા ક્રમે આવી. દોડમાં છેલ્લી ક્ષણે રૂમાનિયાની ક્રિસ્ટિના છલાંગ મારીને ત્રીજા ક્રમે આવી ગઈ. સેકંડના ૧૦૦મા ભાગે પીટી ઉષા હારી અને ક્રિસ્ટીના ત્રીજા ક્રમે આવી ગઈ. એક સેકંડના ૧૦૦મા ભાગની કિંમત કેટલી મોટી અને મહત્વની છે !

શાસ્ત્રીય સંગીતના બે કલાકારોની વાત છે. આ બન્ને કલાકારોની જબરી લોકચાહના. એમના કાર્યક્રમો હોય એટલે લોકોની ભીડ જામે. આ બન્નેનો સમય બુલંદ હતો. એક કલાકાર કાર્યક્રમ હોય કે ન હોય દિવસમાં છથી આઠ કલાક રિયાઝ અવશ્ય કરે. જ્યારે બીજો કલાકાર લોકપ્રિયતાના કેફમાં પાર્ટીઓ અને હરવા ફરવામાં રચ્યો પચ્યો રહે. એકાદ વર્ષમાં પાર્ટીઓમાં ફરતા અને મોજ કરતા કલાકારના કાર્યક્રમોમાં લોકોની ભીડ ઓસરતી ગઈ. એની ચાહત અને લોકપ્રિયતા દિવસે દિવસે સાવ તળીયે બેસી જવા લાગી. જ્યારે સારા સમયમાં પણ રોજે રોજ રિયાઝ કરીને અપડેટ રહેતા કલાકારના કાર્યક્રમો દિન પ્રતિદિન વધુ ને વધુ સફળ થવા લાગ્યા.

આ બે કલાકારોની કથાના પાયામાં સમયને શાણપણથી ઓળખવાની વાત છે. સમય આપણને શાણા બનાવે એ પહેલાં સમયસર શાણા બનવામાં સાર છે. સમયના મૂલ્ય અને સમયના સદઉપયોગ માટે વર્ષોથી કહેવાતું



આવ્યું છે અને ભવિષ્યમાં પણ થોકબંધ ઉપદેશો અપાતા રહેશે. લોકો સમયના સંદર્ભમાં અપાતા આ પોપટીયા જ્ઞાનને ચીંગમની જેમ ચાવે જ રાખશે.

એક ચિંતકે સમયસર, સમય સાથે અને સમય પહેલા ચેતી જવા અંગે મઝાની વાત એમની ફેસબુક વોલ ઉપર મૂકી. એમના આ વિચારને જોત જોતામાં ૨.૩ મિલીયન લોકોએ જોયો અને પસંદ કર્યો. એમણે જીવનમાં આવતા 'સારા સમય' અને 'ખરાબ સમય' વખતે વ્યક્તિની પ્રતિક્રિયાનું સરસ પૃથ્થકરણ પ્રસ્તુત કર્યું છે. સમય સાથે, સમય પહેલા અને સમયસર' આ ત્રણ પાસા સમજાય તો ખરાબ સમય જોવાનો વારો જ ન આવે.

સામાન્ય રીતે સારા સમયને વ્યક્તિ કેવી પરિસ્થિતિની સાથે મુલવણી કરતો હોય ? જે સમયમાં આનંદ આવે, લોકો તેને પ્રેમ કરતા હોય, તેને દરેક કાર્યમાં તેને સફળતા મળે, એના બધાં સંબંધોમાં મીઠાશ રહે, શારીરિક તંદુરસ્તી સરસ હોય, પોતાની જાત ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોય એવી સ્થિતિને વ્યક્તિ 'સારા સમય'ની વ્યાખ્યામાં મૂકે છે.

આનાથી વિપરીત પરિસ્થિતિને સ્વાભાવિક રીતે જ 'ખરાબ સમય'ની વ્યાખ્યામાં મૂકવામાં આવે છે. હવે એક ક્ષણ વિચારી લેવું જેવુ ખરૂ કે, આપણે ક્યારે આપણામાં પડેલી શ્રેષ્ઠત્તમ વાત આપીએ છીએ ? ક્યારે સૌથી વધુ નિયમબદ્ધ હોઈએ છીએ ? ક્યારે અત્યંત વિનમ્ર હોઈએ છીએ ? ક્યારે વધુ મહેનત કરતા હોઈએ છીએ ?

જ્યારે સુખનો સમય હોય ત્યારે વ્યક્તિ સૌથી વધુ અનિયમિત અને આળસુ બની જાય છે. જ્યારે લોકો પ્રેમ કરતા હોય છે ત્યારે એ સમય વ્યક્તિને પરાવલંબી બનાવી દે છે. સફળતાના સમયમાં અહમ માથે ચડી જતો હોય છે. પોતાની જાત ઉપર અને કામની સફળતાનો વિશ્વાસ બીજાને અપમાનીત કરતા કરી નાખે છે. શારીરિક તકલીફો ન હોય ત્યારે વ્યક્તિ ખાવા-પીવામાં અને વર્જીસ કરવામાં ૧૦૦ ટકા બેધ્યાન રહે છે. સંબંધો સારા હોય ત્યારે 'ટેક ઈટ ગ્રાન્ટેડ'નો એપ્રોચ ડેવલપ થઈ જાય છે. આ બધુ જોતા એક પ્રશ્ન એ થાઅય કે, 'સારા સમય'માં ખરેખર વ્યક્તિ સારો એપ્રોચ રાખી શકે છે ખરો ?

સાચી વાત તો એ છે કે, વ્યક્તિનો 'સારો એપ્રોચ' ખરાબ સમયમાં હોય છે. આનંદનો સમય ન હોય અને દુઃખ હોય ત્યારે વ્યક્તિ વધુ મહેનતકશ બની નિયમાનુસાર કામ કરતો જોવા મળે છે. વ્યક્તિને જ્યારે અસફળતા મળે ત્યારે એ વધુ વિનમ્ર થઈ જતો જોવા મળે છે. તબિયત બરાબર ન હોય ત્યારે સમયસર ભોજન, નિયમિત ફળ આહાર, પ્રતિદિન કસરત વગેરે સરસ રીતે થાય છે. સંબંધો વણસે ત્યારે વ્યક્તિ વધુ સંભાળ લેતો થઈ જતો હોય છે.

સારા સમયમાં ખરાબ વર્તન અને ખરાબ સમયમાં સારું વર્તન એ એક નક્કર વાસ્તવિકતા છે. પરંતુ જો સારા સમયમાં પણ સારા વર્તનની પરિભાષા રાખવામાં આવે તો કાયમ સારો સમય રહી શકે છે. સારો સમય વ્યક્તિને ખરાબ કરે અને ખરાબ સમય વ્યક્તિને સારો બનાવે છે, એ સુત્રને પલટાવવા માટે ખરાબ સમય વખતે કરાતા કાર્યો સારા સમય વખતે થાય એ જરૂરી છે.

જીવનના ગમે તે સમયમાં સારી વર્તણૂંક કરી જાણે એ પતંગિયાની માફક નાચી શકે, ગાઈ શકે અને આનંદથી રહી શકે. સમય અને સમુદ્રની ભરતી ક્યાં કોઈની વાટ જૂએ છે ! એક એક ક્ષણને જોડીને જ જીવનનો પટ ઘડાતો હોય છે. જિંદગીને તો સાચી જિંદાદીલીથી ચાહવાની હોય. સારા સમયમાં સારી વર્તણૂંક જીવનનો શણગાર છે એ વાતને આત્મસાત કરવાની હોય. સમય સ્વયં સ્થિતપ્રજ્ઞ છે. એ શત્રુ પણ નથી અને મિત્ર પણ નથી.

**ધબકાર :**

**પતંગિયાનું જીવન થોડીક મિનિટો માટે જ હોય છે પણ એની પાસે આનંદવાનો, નાચવાનો, ગાવાનો, ફૂલોને પ્રેમ કરવાનો પૂરતો સમય હોય છે.**